# શ્રી જય અંબે પરિવાર દ્વારા અંબાજીની ૨૫મી પદયાત્રાનું સેક્ટર-૧૩માંથી પ્રસ્થાન

ગાંધીનગર, તા. ૯

શહેરના સેક્ટર-૧૩ ખાતેથી આજરોજ સવારે શ્રી જય અંબે પરિવાર ગાંધીનગર આયોજીત શક્તિચોકમાંથી માતાજીના નિશાન ધજા અને સુંદર કલાત્મક નવીન રથ સાથે ૩૦૦ પદયાત્રી ભાઈ-બહેનોને શુભેચ્છા આપવા અને માતાજીના દર્શને



અંબાજીની ૨૫મી (રજત જયંતિ) પદયાત્રાનું પ્રસ્થાન સમદર્શન આશ્રમના ગુરુમા અને કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ કરાવ્યું હતું. આ પ્રસંગે હાજર ધર્મપ્રેમી જનતાએ બોલ માડી અંબે જય જય અંબે ના જય ઘોષથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

જય અંબે પરિવાર સેક્ટર-૧૩ દ્વારા દર વર્ષે ગાંધીનગરથી અંબાજી પગયાત્રાનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ જગતજનની મા અંબાની કૃપાદૃષ્ટિ અને પગયાત્રિઓના અનેરા સથવારે આજે સવારે ૮.૩૦ કલાકે શુભ મુહૂર્તે માતાજીની પવિત્ર ધજા તથા રથમાં બિરાજમાન મા જગદંબાનું પૂજન કરવામાં આવ્યું હતું. સેકટર-૧૩-બીના આવેલા ધર્મપ્રેમી જનતાના જય અંબેના જય ઘોષથી પદયાત્રાનો પ્રારંભ થયો હતો. પદયાત્રા પૂર્વે પરિવારના ભાઈઓ બહેનો દ્વારા ગરબા અને નૃત્યને આવરી લેતો સુંદર કાર્યક્રમ પરિવારની સમિતિ અને દીપક વ્યાસના માર્ગદર્શન હેઠળ રજુ કરવામાં આવ્યો હતો. તેમજ જય અંબે પરિવાર દ્વારા સમુહ આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉપસ્થિત મહેમાન સમદર્શન આશ્રમના ગુરુમા અને કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ માતાજીની આરતી ઉતારી દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને અંબાજી ચાલતા જતા યાત્રાળુઓને શુભેચ્છા પાઠવી હતી.

# સે. ૨૫ સૂર્યનારાયણ સોસાયટી પાસે ઝુંપડાવાસીઓનો અડીંગો

## સેક્ટરોમાં વધતા ઝુંપડા દૂર કરવા રજૂઆત

ગાંધીનગર, તા. ૯

શહેરના સેક્ટરોમાં ઝુંપડપટ્ટીનું સામ્રાજ્ય વધતુ જાય છે. સે. ૨૫ સૂર્યનારાયણ સોસાયટી પાસેના વિસ્તારમાં પણ ૭૦ જેટલા ઝુંપડા અસ્તિત્વમાં આવ્યા છે. સેક્ટરોમાં ઝુંપડા વધતા જાણભેદુ ઈસમોની ભેદી અવર-જવરથી વસાહતીઓમાં ભયની લાગણી વ્યાપી છે. સેક્ટરોમાંથી ઝુંપડા દૂર કરવા રાજધાની વસાહત સેવા મંડળે રજૂઆત કરી છે.

રાજધાની વસાહત સેવા મંડળના પ્રમુખ રજૂજી ગોલે આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર શહેરના સેક્ટરોમાં દિનપ્રતિદિન ઝુંપડાઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. સે. ૨૫ સૂર્યનારાયણ સોસાયટી પાસેના વિસ્તારમાં ૭૦ જેટલા ઝુંપડાઓ અસ્તિત્વમાં આવ્યા છે. જ્યારે સે. ૨૩ ગુરુકુળ સ્કૂલની બાજુમાં પણ ઝુંપડપટ્ટી વધી ગઈ છે. આ ઝુંપડાઓમાં પરપ્રાંતિયોનો પણ વસવાટ હોવાથી સેક્ટરોમાં તેમની જાણભેદી અવર-જવરના લીધે ચોરીનો ભય પ્રવર્ત્યો છે. સેક્ટરોમાંથી ઝુંપડપટ્ટી હટાવવા ત્વરિત પગલા લેવાય તેમ પણ રજૂઆતમાં જણાવાયું છે.

# શ્રી મહાકાળી મહાપ્રસાદ સેવા કેન્દ્રનો આવતીકાલથી પ્રારંભ

ગાંધીનગર, તા.૯

શ્રી મહાકાળી મહાપ્રસાદ સેવા કેન્દ્ર, ગાંધીનગર દ્વારા મહાપ્રસાદ સેવા કેન્દ્રનું ઉદઘાટન આગામી તા. ૧૧મી સપ્ટેમ્બરના રોજ સવારે ૮.૩૦ કલાકે શ્રી મહાકાળી માતાજીનું મંદિર, હોટલ ઘુંઘટ નજીક કરવામાં આવશે.

આ મહાપ્રસાદ સેવા કેન્દ્રમાં ૧૧થી ૧૪ સપ્ટેમ્બર દરમિયાન મહાપ્રસાદનું વિતરણ પદયાત્રીકોને કરવામાં આવશે. ઉદઘાટક તરીકે બ્રહ્માકુમારીના બી.કે. કૈલાસદીદી તથા અતિથિવિશેષ તરીકે પ્રાંતિયાના અમૃતભાઈ ઠાકોર ઉપસ્થિત રહેશે. સેવા કેન્દ્રના સ્થળે દરરોજ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૧૧મી ના રોજ બપોરે ૪ થી ૮ દરમિયાન ટીનુ ઉસ્તાદ, સોનલબેન, વૈશાલીબેનના ભજનનો કાર્યક્રમ, રાત્રે ૯ થી ૨ જાણીતા કલાકારો જીજ્ઞેશ કવિરાજ, પ્રકાશભાઈ રાઠોડ, હરેશભાઈ રાવત અને જુગલબંધી ગ્રુપ પેથાપુર દ્વારા ગરબાનો કાર્યક્રમ, તા. ૧૨મીના રોજ બપોરે ૪ થી ૮ બાબુભા ચૌહાણ, સૂર્યપ્રકાશ સાધુ અને સુરમંદિર મ્યુઝિકલ ગ્રુપ દ્વારા ભજન કાર્યક્રમ કલાકારો રતનસિંહજી વાઘેલા અને કુમારી કિંજલ દવેનો ગરબાનો કાર્યક્રમ અને ૧૩મીના રોજ પ્રકાશભાઈ રાઠોડ, હરેશભાઈ રાવત દ્વારા ગરબાનો કાર્યક્રમ રજુ થશે. મહાપ્રસાદ તથા મહાઆરતી કાર્યક્રમનો લાભ લેવા પદયાત્રીઓને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## આજે સે-૨૨ ગણેશોત્સવમાં માતૃ-પિતૃ વંદના કાર્યક્રમ

ગાંધીનગર, તા.૯

શહેરના સેકટર-૨૨ ખાતે સાર્વજનિક ગણેશોત્સવ કાર્યક્રમમાં તા. ૧૦મી સપ્ટેમ્બરના રોજ રાત્રે ૮.૩૦ કલાકે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત સર્વ વિદ્યાલય પ્રાથમિક શાળાઓના સંયુકત ઉપક્રમે માતૃપિતૃ વંદના કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમ નિહાળવા શાળાઓના તમામ વિદ્યાર્થીઓના વાલીઓ સહિત જાહેર જનતાને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## વેરા ભરવાની મુદત વધારાઈ

ગાંધીનગર, તા.૯

સને ૨૦૧૨-૧૩-૧૪ના મિલકત વેરાના બીલો આકારણીના નિયમ મુજબ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા રહેવાસીઓને મોકલવામાં આવેલ. મિલકત વેરાના બિલોના નાણાં સ્વીકારવાની છેલ્લી તારીખ ૯-૯-૨૦૧૩ રાખવામાં આવેલ હતી. પરંતુ વેરાના નાણાં ભરવાના ધસારા તથા લોકલાગણીને ધ્યાને લઈ મિલકતવેરો ભરવાની છેલ્લી તારીખ ૯-૯-૨૦૧૩ના બદલે તા. ૮-૧૦-૨૦૧૩ સુધી આથી જાહેર હીતમાં લંબાવવામાં આવે છે. આ તારીખ સુધી નાણાં ભરનાર પાસેથી નોટીસ ફીના રૂપિયા બે વસુલ કરવામાં આવશે નહીં.



(તસવીર : કશ્યપ નિમાવત)

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એલ. ડી. આર.પી. એન્જિનીયરીંગ કૉલેજ ખાતે જાયન્ટ ગ્રુપ ઓફ ગાંધીનગર એક રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

# જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગર દ્વારા એલ.ડી. આર.પી. કોલેજમાં રક્તદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૯

જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગર (મેઈન) દ્વારા એલ.ડી.આર.પી. કોલેજમા તાજેતરમાં સ્વૈચ્છિક રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ રક્તદાન કેમ્પમાં ૧૩૩ યુનીટ બ્લડ પ્રાપ્ત થયું હતું.

અમદાવાદની સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં આવેલી કેન્સર હોસ્પિટલના દર્દીઓના લાભાર્થે, આ હોસ્પિટલના અનુભવી ડૉક્ટર તથા કર્મચારીઓએ રક્તદાતાઓનું રક્ત લીધું હતું.

કેન્સર હોસ્પિટલમાં દાખલ થયેલા થેલેસેમીયાના બાળ દર્દીઓને તથા હોસ્પિટલમાં દાખલ થયેલા અન્ય દર્દીઓને મદદરૂપ થવા માટે કોલેજના વિદ્યાર્થીઓ તથા અન્ય વ્યક્તિઓએ સ્વૈચ્છિક રક્તદાન કર્યું હતું.

આ રક્તદાન કેમ્પને સફળ બનાવવા માટે એલ.ડી.આર.પી. કોલેજના જુદી જુદી ફેકલ્ટીના પ્રિન્સીપાલશ્રીઓએ કેમ્પની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી. તથા એન.એસ.એસ. સાથે સંકળાયેલા વિદ્યાર્થી ભાઈ બહેનોએ કેમ્પની સફળતા માટે અથાગ મહેનત કરી હતી.

ગાંધીનગર મહાનગરપાલિકા મ્યુનિસિપલ કાઉન્સીલરશ્રી પ્રકાશભાઈ પટેલે તથા જાયન્ટસ ઈન્ટરનેશનલ ફેડરેશન ૩ સીના યુનીટ ડાયરેક્ટરશ્રી સાંકાભાઈ જે. પટેલે કેમ્પની મુલાકાત લઈ જાયન્ટસ હોદ્દેદારોને ધન્યવાદ પાઠવ્યા હતા.

જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગર (મેઈન)ના પ્રમુખશ્રી બાબુભાઈ એમ. પટેલ, ડાયરેક્ટર ઓફ એડમીનીસ્ટ્રેટર શ્રી રમેશભાઈ પટેલ, ખજાનચી શ્રી ભાનુપ્રસાદ ભટ્ટ, પૂર્વ પ્રમુખશ્રી ડી.ટી. પટેલ, સક્રિય સભ્યશ્રી માધુભાઈ એચ. પટેલ, શ્રી વસંતભાઈ એ. પટેલે હાજરી આપી હતી. તથા જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગર સાહેલીના પ્રમુખ શ્રીમતી ગાયત્રીબેન પટેલ, ઉપ પ્રમુખ શ્રીમતી મનીષાબેન એ. પટેલ, ડાયરેક્ટર ઓફ એડમીનીસ્ટ્રેટર શ્રીમતી કિરણબેન આર. પટેલે સેવાઓ આપી હતી.

## જય અંબે પગપાળા સંઘ, સરગાસણ દ્વારા સતત ૨૦મા વર્ષે અંબાજી પગપાળા યાત્રાનું આયોજન

ગાંધીનગર, તા.૯

જય અંબે પગપાળા યાત્રા સંઘ, સરગાસણ દ્વારા સતત ૨૦મા વર્ષે અંબાજી પગપાળા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. અંબાજી ખાતે યોજાતા ભાદરવી પુનમના મેળામાં હાજરી આપવા માટે સરગાસણનો આ સંઘ આગામી તા. ૧૧મી સપ્ટેમ્બરના રોજ અંબાજી તરફ પ્રસ્થાન કરશે.

## અનુસૂચિત જાતિ એકતા મંચની આજે બેઠક મળશે

ગાંધીનગર, તા. ૯

ઉદ્યોગભવન જી.આઈ. ડી. સી.માં નોકરી કરતા સ્વ. નરેશભાઈ ચાવડાએ અધિકારીના ત્રાસથી જીવન ટુંકાવી દીધું છે. તેમને કાનૂની ન્યાય મળે તથા શોકસભાના આયોજન બાબતે તા. ૧૦મી સપ્ટેમ્બરે સાંજે સાડા પાંચ વાગે ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પાસે રાખેલ છે. અનુસૂચિત જાતિના જુદા જુદા સંગઠનોના પ્રતિનિધિઓ તથા કર્મચારીઓએ હાજર રહેવા અનુસૂચિત જાતિ એકતા મંચના કન્વીનર ડાહ્યાભાઈ સોલંકીએ જણાવેલ છે.

## સે. ૪ વસાહત મંડળ-નવરાત્રી સમિતીના પ્રમુખની વરણી

સેક્ટર-૪ વસાહત મંડળ તથા નવરાત્રી સમિતીની તાજેતરમાં મળેલી બેઠકમાં મંડળના પ્રમુખ તથા અન્ય હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવી છે. સેક્ટર-૪ વસાહત મંડળના પ્રમુખ



તરીકે તેજાભાઈ કે. દેસાઈ તથા નવરાત્રી સમિતીના પ્રમુખ તરીકે રાજેશભાઈ પટેલની બહુમતીથી નિમણુંક કરવામાં આવી છે.

## ફીશીપ કાર્ડ અમલી થતાં રૂ. ૨.૫૦ લાખ વાર્ષિક આવક ધરાવતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને સ્વનિર્ભર સંસ્થાની ફીમાંથી મુકિત

ગાંધીનગર, તા.૯

એસ.એસ.સી. પછીના ઉચ્ચ અભ્યાસ ક્રમોમાં શિક્ષણ વિભાગ સંલગ્ન અને સ્વનિર્ભર સંસ્થાઓમાં અભ્યાસ કરતાં અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે તો જે ભારત સરકારની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ હેઠળ પાત્રતા ધરાવતા હોય તેમને જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીની કચેરીએથી ફીશીપ કાર્ડ મેળવી લેવું અને અભ્યાસ કરતાં હોય તે સ્વનિર્ભર સંસ્થામાં રજુ કરવાથી તેમને સંસ્થા દ્વારા ફરજીયાત ભરવાની થતી નોન રિફંડેબલ ફી ભરવાની રહેશે નહિ. અને આ ફી સરકાર દ્વારા જે તે સંસ્થાને ચુકવવામાં આવશે તેમ શિક્ષણ વિભાગના તા. ૨૧-૮-૨૦૧૩ના ઠરાવથી નક્કી કરવામાં આવ્યું છે.



ગાંધીનગર પેન્શનર સમાજ દ્વારા સેકટર-૧ના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરાયું હતું. ગાયત્રી મંદિર ખાતે યોજાયેલ સમારોહમાં વસાહતીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.



સૌરાષ્ટ્ર લેઉવા પટેલ વાડી, સેકટર-૭ ખાતે સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ, ગાંધીનગરની એક બેઠક તાજેતરમાં યોજાઈ હતી. જેમાં વયનિવૃત્ત થતા ગાંધીનગરના ડેપો મેનેજર શ્રી મનસુખલાલ સોલંકીનું સન્માન કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજના અગ્રણીઓએ તેઓને શુભેચ્છા પાઠવી હતી. (તસવીર : કશ્યપ નીમાવત)

## સેક્ટર-૩/ડીની નવરાત્રી મહોત્સવની મીટીંગ યોજાશે

નવરાત્રી મહોત્સવ સેક્ટર-૩ડીની વાર્ષિક સાધારણ સભા તા. ૧૨મી સપ્ટેમ્બરની રાત્રે સાડા આઠ વાગે નવરાત્રી ચોકમાં રાખવામાં આવેલ છે. નવરાત્રીના સુંદર આયોજન અંગે તથા નવા વર્ષના હોદ્દેદારોની વરણી કરવામાં આવશે. પ્રમુખ નંદુભાઈ પ્રજાપતિએ માઈભક્તોને હાજર રહેવા જણાવેલ છે.

## સેકટર-૮ ઉત્સવ સમિતિ દ્વારા હોદ્દેદારોની નિમણુંક કરાઈ

ગાંધીનગર, તા.૯

આગામી નવરાત્રી મહોત્સવને ધ્યાને રાખી સેકટર-૮ એકતા ચોક ખાતે ગત રોજ એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉત્સવ સમિતિ એકતા ચોકના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે સુધીરભાઈ ઠાકર, ઉપપ્રમુખ તરીકે પ્રણવ એચ. ઠાકર, કે.જી. પરમાર, ખજાનચી તરીકે અંબાલાલ જે. વણકર, સહમંત્રી તરીકે કનુભાઈ પ્રજાપતિ, સિરાજ મનસુરી, સંગઠન મંત્રી તરીકે બાબુદાન એસ. ગઢવી, સંજય રાવલની નિમણુંક કરવામાં આવી હતી. આ ઉપરાંત કારોબારી સમિતિમાં ૧૨ સભ્યોની નિમણુંક કરવામાં આવી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૭
સૂર્યાસ્ત : ૬.૪૫

## તાપમાન

મહત્તમ : ૩૫.૨ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૧ ટકા ● સાંજે ૫૯ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
શુદ્ધ દેશી રોમાન્સ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
શુદ્ધ દેશી રોમાન્સ : ૯.૦૦, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૪૫

: સ્ક્રીન-૩ :
જંજીર : ૯.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫,
સત્યાગ્રહ : ૯.૩૦

: સ્ક્રીન-૪ :
જંજીર : ૧૦.૩૦, ૭.૩૦, ૧૦.૧૫
સત્યાગ્રહ ૧.૧૫, ૪.૧૫

### સૂર્યા, વાવોલ

જંજીર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વોન્ટેડ ચાઈલ્ડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
જંજીર : ૧૦.૦૦, ૧૨.૪૫, ૮.૩૦, ૧૦.૪૫
રિદ્ધીસ્ક : ૩.૪૫
શુદ્ધ દેશી રોમાન્સ : ૬.૦૦

: સ્ક્રીન-૨ :
શુદ્ધ દેશી રોમાન્સ : ૧૦.૧૫, ૮.૧૫, ૧૦.૩૦
રિદ્ધીસ્ક : ૧૨.૩૦
જંજીર : ૩.૦૦, ૫.૪૫

: સ્ક્રીન-૩ :
રિદ્ધીસ્ક : ૯.૩૦, ૧૧.૦૦
શુદ્ધ દેશી રોમાન્સ : ૧૨.૦૦, ૨.૩૦
સત્યાગ્રહ : ૫.૦૦, ૮.૦૦

### ચિરાગ, કલોલ

જંજીર : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ ગાંધીનગર અને એસ.આર.પી. ગૃપ દ્વારા રંગમંચ સેકટર-૨૨ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત શાળાના બાળકો દ્વારા માતૃવંદના આધારીક નૃત્યનાટીકા પ્રસ્તુત કરાશે.
- યુવક મંડળ સંચાલિત શ્રી ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા ગણેશ ચોક, રીંગ રોડ, સેકટર-૨/સી ખાતે રાત્રે ૯.૦૦ કલાકે પ્રસ્તુત સુંદરકાંડ પાઠ શ્રી રામ રામચરિત માનસ પાઠકગણ ગાંધીનગર.

## આપની આજ

**મેષ** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ, સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણો થઈ શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય.

**વૃષભ** : સંગીતમાં ક્ષેત્રમાં રુચિ વધશે. વિશેષ કાર્ય માટે કરવામાં આવેલી દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થશે. જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ. વેપાર, કુટુંબમાં શુભકાર્યો થઈ શકશે. દિવસ આનંદમયરીતે પસાર થઈ શકે છે.

**મિથુન** : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યો થશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં આપનું મન પરોવાશે.

**કર્ક** : લક્ષ્યને ધ્યાનમાં રાખીને પ્રયત્ન કરશો તો સફળતા જરૂરથી પ્રાપ્ત થઈ શકશે. શુભ કાર્યમાં સામેલ થવાથી યશ અને સન્માન પ્રાપ્ત મળી શકશે.

**સિંહ** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. પ્રેમ સંબંધોમાં સફળતા મળશે. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. વેપાર ક્ષેત્રે ભાગીદારીમાં સંભાળવું. વડીલોનું માર્ગદર્શન કાર્યક્ષેત્રે ઉપયોગી સાબિત થઈ શકે છે

**કન્યા** : કૌટુંબિક ઉન્નતિ થઈ શકશે. કુટુંબીજનો અને મિત્રોના સહયોગથી સમસ્યાનું સમાધાન સંભવ છે. તમારા વ્યવહારને સંયમિત રાખીને કાર્ય કરો વેપારમાં વૃદ્ધિ થશે.

**તુલા** : કાર્ય અને વ્યવસાયનાં ક્ષેત્રમાં વિભિન્ન અડચણોથી મન અશાંત રહેશે. ભોગ વૃત્તિને કારણે અધિક પ્રતિષ્ઠા મેળવી શકશો નહિ.

**વૃશ્ચિક** : ાામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. સ્નેહીજનો- મિત્રો સાથે મુલાકાત થઈ શકે. સમય શુભ.

**ધન** : સંતાન તરફથી સુખદ સમાચાર મળશે. ગ્રાહકોથી મધુર સંબંધ બનશે. આવકના સ્ત્રોતમાં ભાગ્યવર્ધક વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્જ સંબંધી કાર્યોમાં લાભ, વિશેષ, ધાર્મિક મહત્વનાં કાર્યોમાં સમય પસાર થશે.

**મકર** : શુભ ફળ પ્રાપ્ત થવાની સંભાવના છે. વિરોધાભાસ અને વિવાદને કારણે પરિણામ ત્વરીત પ્રાપ્ત ન પણ મળી શકે. રાજકીય કાર્યોથી દુર રહેવું. આકસ્મિક ખર્ચ થઈ શકે છે.

**કુંભ** : આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. તમારી વ્યવહાર કુશળતાથી વેપાર- વ્યવસાયમાં સફળતા પ્રાપ્ત કરી થશે. સ્થાયી સંપત્તિ મળવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : આર્થિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. સંતાન સંબંધી પ્રશ્નોના ઉકેલ આવી શકે છે. દિવસ શાંતિથી પસાર કરવો.

## ચિરવિદાય

- સ્વ. મોતીજી મંગાજી વાઘેલા (ઉ.વ. ૭૨) મુ.પો. રામનગર ડભોડા, તા., જિ. ગાંધીનગર.